HIGH COURT OF GUJARAT

# VKTR

# TRANSLATION EXAMINATION

**JULY-2016**

**DATE :** 3-07-2016
**TIME :** 10.00 AM TO 1.00 PM **TOTAL MARKS :** 100

## PART - I

**નીચે આપેલા ફકરાનો અંગ્રેજીમાં અનુવાદ કરો : ૪૦ ગુણ**

(૧) ફરીયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, ફરીયાદીના લગ્ન મહેન્દ્રકુમાર બટુકરાય તલસાણીયા સાથે તા. ૦૭/૦૫/૨૦૧૨ના રોજ ડી. કે. પટેલ હૉલ, સોલા રોડ, અમદાવાદ ખાતે થયેલા અને લગ્ન બાદ આરોપી નં. ૧ સાથે નારોલ ખાતે સંયુક્ત કુટુંબમાં તેમના મા, ભાઈ, ભાભી અને બહેન સાથે રહેવા માટે ગયેલા. ફરીયાદી મૂળ ચુડાના વતની છે પરંતુ સોલા ખાતે પ્રતિજ્ઞા એપાર્ટમેન્ટ ખાતે રહેતા રમણીકલાલે ફરીયાદીના લગ્ન કરાવી આપેલા અને જણાવેલું કે, ઘર સારું છે. આરોપી નં. ૧ ફરીયાદીના પતિ થાય છે. આરોપી નં. ૨ સાસુ થાય છે, નં. ૩ જેઠ તથા નં. ૪ જેઠાણી તેમજ આરોપી નં. ૫ નણંદ થાય છે. આ નણંદ હાલમાં પરિણીત છે અને તેઓના પતિ શ્યામલકુમાર સાથે સાસરીમાં રહે છે પરંતુ ફરીયાદીના પતિના ઘરે અવરજવર કરી ફરીયાદી વિરુદ્ધ ફરીયાદીના પતિને ચડવણી કરે છે. ફરીયાદીના લગ્ન સમુહ લગ્નમાં થયેલા તેથી સમુહ લગ્નમાં સાસરીયાને ઘણું બધું આપેલું તેમ છતાં આરોપીઓ એવા મેણાં ટોણાં મારતા હતા કે તારા બાપ ગરીબ છે અને તારા બાપે તને લગ્નમાં કોઈ દાગીના કે રોકડ રકમ કેમ નથી આપી ? તેમ કહી ત્રાસ આપતા હતા. આરોપી નં. ૧ ફરીયાદીને એવું પણ કહેતા હતા કે તારા પિયરમાંથી રૂ. પાંચ લાખ લઈ આવ તો જ તને રાખીશું નહીં તો તને નહીં રાખીએ અને તે બાબતે સાસુ પણ આરોપી નં. ૧ને ચડવણી કરતા અને મેણાં ટોણાં મારતા હતા અને કહેતા કે દહેજ ઓછું લાવેલી છે તેમજ જેઠ, જેઠાણી પણ આરોપી નં. ૧ને ઉશ્કેરતા અને ચડાવતા અને કરિયાવરની માંગણી કરાવતા અને આ માંગણી ના સંતોષાતા ફરીયાદીને ખૂબ જ ઢોર માર મારતા હતા. ફરીયાદીના નણંદ રેખા પણ તેના પતિને ત્યાંથી આવી આરોપી નં. ૧ને દહેજ બાબતે ચડવણી કરી ઉશ્કેરણી કરતા અને તેના કારણે આરોપી નં. ૧ ફરીયાદીને માર મારતા હતા અને તે રીતે આરોપીઓએ દહેજ અને કરિયાવરની માંગણી કરી ઢોર માર મારી, શારીરિક અને માનસિક ત્રાસ આપતા હતા. આરોપીઓની આ માંગણી ન સંતોષાતા આરોપીઓ ફરીયાદીને ઘરમાં પૂરી રાખતા અને પૂરતું ખાવાનું પણ આપતા ન હતા અને ઘણી વખત ફરીયાદીને પેટ્રોલ છાંટી સળગાવી

WWW.MARUGUJARAT.IN

દેવાની ધમકી પણ આપતા. વધુમાં ફરીયાદીએ ફરીયાદમાં એવું પણ જણાવેલું છે કે, આરોપીઓ ફરીયાદીને જાનથી મારી નાંખવાના ઘણા બધા પ્રયત્નો કરતા હતા અને ફરીયાદીને તેના પિયરમાં ફોન કરવા દેતા ન હતા. છેલ્લા સાત મહિનાથી ફરીયાદીને દહેજ તથા કરિયાવરની માંગણીઓ કરી મેણાં ટોણાં મારી ગાળો બોલી અપમાનીત કરી જાનથી મારી નાંખવાની ધમકીઓ આપેલી અને આરોપી નં. ૧નાએ ફરીયાદીને એટલું બધું મારેલું કે ફરીયાદીનો દાંત તૂટી ગયેલો છે અને તેથી આરોપીઓની આવી ધમકીના કારણે ફરીયાદીને પોતાના સગાસંબંધીના આશરે રહેવું પડેલું છે તે રીતની વિગત જાહેર કરતી, ટાઈપ કરેલી ફરીયાદ તા. ૦૯/૧૧/૨૦૧૪ના રોજની રજિસ્ટર પોસ્ટ એડી.થી પોલીસ સબ ઈન્સ્પેક્ટર, નારોલ પોલીસ સ્ટેશન, અમદાવાદને મોકલવામાં આવેલી છે.

(૨) ફરીયાદીની ફરીયાદ ટપાલમાં પોલીસને મળતા આ ફરીયાદમાં કોગ્નીઝેબલ ગુનાની માહિતી જાહેર થતી હોવાથી પોલીસે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૫૪ની જોગવાઈ અનુસાર આ ફરીયાદને ગુનાની પ્રથમ માહિતીના અહેવાલ તરીકે ગણી ગુનો દાખલ કરેલો.

ફરીયાદીની આ ફરીયાદ સંદર્ભે પોલીસે નારોલ પોલીસ સ્ટેશન ગુન્હા રજિસ્ટર નંબર ફર્સ્ટ ૨૫૪/૨૦૧૪ તા. ૨૩/૧૧/૨૦૧૪ના રોજ આરોપીઓ વિરુદ્ધ ઈન્ડિયન પીનલ કોડની કલમ ૪૯૮(ક), ૫૦૬(૧), ૨૯૪(ખ), ૩૨૩, ૧૧૪ તથા દહેજ પ્રતિબંધક ધારાની કલમ ૩, ૭ મુજબ ગુનો નોંધી ગુનાની તપાસ શરૂ કરેલી.

(૩) પોલીસને ગુનાની તપાસ દરમ્યાન આરોપીઓ મળી આવતા તેઓની ધરપકડ કરવામાં આવેલી અને નિયત સમય મર્યાદામાં મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરતા આરોપીઓને રૂ. ૨૫૦૦/-ના જામીન ઉપર જામીન મુક્ત કરવામાં આવેલા છે. ત્યારબાદ પોલીસની તપાસ પૂરી થતા પોલીસે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૭૩ મુજબ આરોપીઓ વિરુદ્ધ ઈન્ડિયન પીનલ કોડની કલમ ૪૯૮(ક), ૫૦૬(૧), ૨૯૪(ખ), ૩૨૩, ૧૧૪ તથા દહેજ પ્રતિબંધક ધારાની કલમ ૩, ૭ મુજબના ગુનાના આક્ષેપો કરતું ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજૂ કરેલું છે.

---

## PART - II

**Translate the following passage into Gujarati.** **40 Marks**

This petition is filed under the provisions of Article 226 of the Constitution of India praying this Court for issuance writ of habeas corpus. Petitioner is the mother of a child named Kiran (in the affidavit-in-reply stated as 'Karan'), aged about 9 months. It is her say that she has married to respondent no. 2 on 28th December, 2002 and during their wedlock child Kiran was born on 12th November, 2003. It is averred by the petitioner



WWW.MARUGUJARAT.IN

that after the child was born within short time she was driven out of the house by respondent no. 2 and his family members. Thereafter she made efforts to get the custody of the child but in vain. After all efforts having failed, now she has been constrained to approach this Court as a last resort. It is further averred in the petition that since the child is aged about 9 months, she is natural guardian of the child. She has for that purpose placed reliance on the provisions of section 6 of the Hindu Minority and Guardianship Act, 1956 [hereinafter referred to as "the Act"]. In the end she has prayed that appropriate writ of habeas corpus be issued against respondent no. 2 to produce the minor child Kiran before this Court and direct him to hand-over the custody of the child to her.

The petition has been resisted by the otherside by filing affidavit-in-reply wherein mainly it is stated that the present petition is not maintainable since alternative efficacious remedy is available to the petitioner. It is further averred that there is no need to issue writ of habeas corpus since the child is not in illegal custody of the father and the welfare of the child would be maintained in the best possible manner, if the child remained with respondent no. 2 and his family. It is also averred that it is the petitioner who has left the family with her father and brother and she is not prepared to come back to family of respondent no. 2. It is, therefore, prayed that the petition be dismissed.

Before we deal with the matter on merits, we may put certain facts which have transpired before us while we made efforts to conciliate between the parties. Respondent no. 2 pursuant to the notice dated 11th August, 2004 appeared before us through his advocate Mr. RK Mishra on 16th August, 2004. The petitioner as well as respondent no. 2 were also present on that day. With a view to find out whether there was any possibility of reunion of the couple, we called them in the chamber separately one after the other. First we interrogated the petitioner. She reiterated the contents of the petition by saying that she was tortured in the family and it was not possible for her to stay in the said family. She also stated before us that within about less than two months of the birth of the child, she was driven out of the matrimonial home. Of course she acceded to our suggestion to reconcile with the situation and to make effort to have the reunion possible. Similarly we interrogated respondent no. 2. With initial reluctance he also ultimately showed some inclination to have a dialogue with the petitioner. To enable them to see each other, we adjourned the matter to 18th August, 2004. On that day both the parties were present together with their relatives. It appears no fruitful meeting took place during intervening period.



WWW.MANUPATRA.IN

# PART - III (A)

**નીચે આપેલા શબ્દોનો યોગ્ય અંગ્રેજી પર્યાય પસંદ કરો :** **૧૦ ગુણ**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | ક્ષમતા | : | (a) | availability | (b) | ability | (c) | liability |
| 2 | સ્વીકારવું | : | (a) | except | (b) | expect | (c) | accept |
| 3 | મનાઈ | : | (a) | ban | (b) | bane | (c) | bend |
| 4 | તરતજ | : | (a) | forthwith | (b) | fortnight | (c) | fortress |
| 5 | આકારણી | : | (a) | validity | (b) | valuation | (c) | valiant |
| 6 | કબજો | : | (a) | postulate | (b) | potation | (c) | possession |
| 7 | જોખમકારક / જોખમી | : | (a) | hearth | (b) | hazardous | (c) | hebetate |
| 8 | તકરાર | : | (a) | dispute | (b) | disprove | (c) | disrupt |
| 9 | સંદિગ્ધ | : | (a) | ambrosial | (b) | ambulant | (c) | ambiguous |
| 10 | નિર્દોષ છુટકારો | : | (a) | acrobat | (b) | acquittal | (c) | acquainted |

# PART - III (B)

**Choose the correct Gujarati word for each of the following :** **10 Marks**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | aloof | : | (a) | આનંદ | (b) | મડદું | (c) | દૂર |
| 2 | deference | : | (a) | તફાવત | (b) | આમન્યા | (c) | અશક્ત |
| 3 | abuse | : | (a) | દુરુપયોગ | (b) | જોડાણ | (c) | ઝડપ |
| 4 | assault | : | (a) | સંપત્તિ | (b) | સંમતિ | (c) | હુમલો |
| 5 | sentence | : | (a) | સજા | (b) | સંવેદના | (c) | શાંતિ |
| 6 | suspicion | : | (a) | બરતરફી | (b) | સંશય | (c) | ટકાવવું |
| 7 | verdict | : | (a) | ચોક્કસ | (b) | અનુભવી | (c) | ચુકાદો |
| 8 | endeavour | : | (a) | પ્રયાસ | (b) | પ્રવેશ | (c) | ભયજનક |
| 9 | ascertain | : | (a) | શરમિંદું કરવું | (b) | અવગણવું | (c) | ખાત્રી કરવી |
| 10 | angle | : | (a) | દેવદુત | (b) | ખૂણો | (c) | ગુસ્સો |

WWW.MARUGUJARAT.IN